સુવિચાર : ભયથી ભરેલા આ સમાજમાં એ જ માણસ નિર્ભય રહી શકે છે, જે સૌ કોઇ ઉપર દયાભાવ રાખે છે - કે. કા. શાસ્ત્રી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૬૭ | ૧૭ મે, ૨૦૧૫, રવિવાર ; વૈશાખ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ભારતમાં મૂડીરોકાણ કરવા ચીની કંપનીઓને અનુરોધ

Page-6

# શહેરમાં મોસમની વિક્રમ ગરમી

## આકાશમાંથી આગ વરસી ગરમીની અસરથી જનજીવન સુન્ન : હીટવેવથી નાગરિકો બેચેન : દિવસે માર્ગો સુમસામ ઓફિસોમાં પણ કર્મચારીઓની પાંખી હાજરી

ગાંધીનગર તા ૧૬

શહેરમાં બે દિવસ પૂર્વે સર્જાયેલા હવામાન પલ્ટા બાદ ગરમીએ માંથુ ઉંચકયું છે. આજે સિઝનની મહત્તમ ગરમીએ નગરજનોને બેહાલ બનાવી દીધા હતા. ગરમીનો પારો ૪૩.૨ ડીગ્રી નોંધાતા સિઝનની રેકર્ડબ્રેક ગરમી નોંધાઇ હતી. આકાશમાંથી વરસતા અગ્નગોળાએ નાગરિકોને અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કરાવ્યો હતો. બપોરના સમયે ગરમીની અસરથી નગરનું જનજીવન સુન્ન થઇ ગયું હતું.રસ્તાઓ પણ સુમસામ જોવા મળતા હતા.જયારે ઓફિસોમાં પણ કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી હતી. મૌસમના સતત બદલાતા મિજાજથી નગરજનો પણ ત્રાહીમામ પોકારી ગયા છે.

વૈશાખમાં વરસાદી વાયરા સાથે ગરમીના આક્રમક મિજાજે પણ નાગરિકોને બેચેન કરી દીધા છે. બે ત્રણ દિવસ પૂર્વે વરસાદ અને વાવાઝોડાની અસરથી અષાઢી માહોલ છવાયો હતો. વાતાવરણમાંથી ગરમી પણ અદ્રશ્ય થઇ ગઇ હતી. ચોમેર ઠંડક પ્રસરતા ગરમીનો પારો પણ ચાર ડીગ્રી નીચે આવી ગયો હતો. પરંતુ સતત બદલાતા મૌસમના મિજાજથી ગરમીનું મોજું ગમે ત્યારે ફરી વળે છે. ગરમીના પારાની સતત વધઘટ જાવા મળે છે. આજે ગરમીના પારાએ હદ ઓળંગતા મૌસમની સૌથી વધુ ગરમી નોંધાઇ હતી.ગરમીનો પારો ૪૩.૨ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. સવારથી જ આકરી ગરમીના લીધે નાગરિકો બેબાકળા બની ગયા હતા. સુરજનો તાપ પણ અસહ્ય બનતા નાગરિકોએ કામ સિવાય ઘરની બહાર જવાનું ટાળ્યું હતું. જયારે બપોર થતા ગરમી વધુ અસહ્ય બની હતી. આકરી ગરમીની અસરથી બચવા નગરજનોએ કામ સિવાય ઘરની બહાર જવાનું ટાળ્યુ હતું. જેના પરિણામે નગરના જનજીવનમાં પણ સૂનકાર પ્રવર્તયો હતો. માર્ગો સૂમસામ ભાસતા હતા. જયારે કચેરીઓમાં પણ ગરમીની અસરથી ખાલીપો જોવા મળ્યો હતો. ખુલ્લામાં રહેતા શ્રમજીવીઓ પણ ગરમીથી આકુળવ્યાકુળ બની ગયા હતા. બળબળતી બપોરે નગરના શોપિંગ બજારમાં પણ કોઇ હલચલ જાવા મળી ન હતી. વાતાવરણ પલ્ટાબાદ અચાનક ગરમીનો પારો ઉંચકાતા નગરમાં હીટવેવની આકરી અસર વર્તાઇ હતી. માર્ગો પર જતા રાહદારીઓ પણ ગરમીથી બચવા માથે ટોપી એને મોઢા પર બુકાની બાંધી જતા નજરે પડયા હતા. મોડી સાંજ સુધી ગરમીની અસર વર્તાઇ હતી. જયારે સાંજ ઢળતા શહેરમાં થોડી ચહલપહલ જાવા મળી હતી. ગરમીથી બચવા રાત્રિની ઠંડકમાં હળવા થવા નાગરિકો બહાર નિકળી પડયા હતા. નગરના ઉધાનો સર્કલો અને સ્વર્ણિમ પાર્કમાં નાગરિકોની ભીડ જામી હતી. મૌસમની મહત્તમ ગરમીથી પાટનગરમાં સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો.

આકરી ગરમીમાં પશુ પંખીઓની હાલત પણ દયનીય બની છે. વાતાવરણ પલ્ટાબાદ ચાર ડીગ્રી ગગડેલો ગરમીનો પારો બે દિવસમાં ૫ ડીગ્રી ઉંચો આવ્યો હતો. હવામાન તજજ્ઞોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં વાતાવરણમાં ફરિ એકવાર પલ્ટો જોવા મળશે.



પારો ૪૩.૨ ડીગ્રી.

(તસવીર : દિપક જાની)

## હજુ બે દિવસ સુધી હિટવેવ યથાવત રહેશે

### ૧૦૮ને એક જ દિવસમાં ૩૦ કોલ્સ મળ્યા

ગાંધીનગર, તા. ૧૬

આગામી ૨ દિવસ સુધી ગુજરાતમાં તીવ્ર હિટવેવ રહેવાની આગાહી હવામાન ખાતાએ કરી છે. તાપમાનનો પારો હજુ પણ ઉપર જવાની શક્યતાઓ દર્શાવવામાં આવી છે.

દરમ્યાન આજે ગાંધીનગરમાં અસહ્ય ગરમીને કારણે ૧૦૮ને ૩૦ જેટલા કોલ્સ મળ્યા હતા. જેમાં પાંચ કોલ્સ ઝાડા-ઉલ્ટીના દર્દીઓના હતા. તો ૧૦ કોલ્સ ચક્કર આવવા, નસકોરી ફૂટવાના અને બી.પી. રિલેટેડ કેસોને લગતા હોવાનું જાણવા મળેલ છે.

ગરમીના આ તીવ્ર મોઝાને કારણે આજે તેની અસરો જનજીવન પર પડેલી પણ સ્પષ્ટ દેખાઈ આવતી હતી. બપોરના સમયે શહેરના માર્ગો સુમસામ બની ગયા હતા.

ગાંધીનગર શહેરમાં તીવ્ર ગરમીને પગલે એ.સી. અને પંખા સતત ચાલુ રહેતાં વીજ માંગમાં પણ સારો એવો વધારો નોંધાયો હતો.

## રાજયભરમાં આગઝરતી ગરમી

### સુરેન્દ્રનગર ૪૫.૩ ડિગ્રી સાથે સહુથી વધુ ગરમ રહ્યું : ગુજરાતમાં આગામી ૪૮ કલાક સુધી હીટવેવ કન્ડીશનની ચેતવણી : ભીષણ ગરમીથી પ્રજા ત્રાહિમામ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ સહિત રાજયના અનેક વિસ્તારોમાં છેલ્લા કેટલાંક દિવસથી પડી રહેલી ભીષણ ગરમી સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. આકાશમાંથી અંગારા વરસાવતી ગરમીને લીધે રાજયના અનેક વિસ્તારો જાણે ભઠ્ઠી પર શેકાઈ રહ્યા હોય તે રીતે સૂર્ય પ્રકોપના શિકાર બન્યા હતા એક તરફ અમદાવાદ, ડીસા અને અમરેલીમાં આજે ૪૪.૫ ડિ.ગ્રી સેન્ટીગ્રેડ કાળઝાળ ગરમીથી બચવા લોકોને ઘરમાં પુરાઈ રહેવા અથવા ઠંડા કૃત્રિમ વાતાવરણનો આસરો લેવા મજબૂર થવું પડયુ હતું. ત્યાં સુરેન્દ્રનગરમાં તો ૪૫.૩ ડિગ્રીથી આગ વરસાવતી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી હતી. બપોરથી સાંજ સુધી ગરમીને લીધે રસ્તાઓ સુમસામ દેખાતા હતા. બદલાયેલા ઋતુ ચક્રને કારણે છેલ્લા કેટલાક વર્ષોથી હવામાનમાં આવેલા અણધાર્યો ફેરફારને કારણે માનવજાત અને પશુઓ પર તેની વિપરીત અસર જોવા મળી રહી છે. ગ્લોબલ વોર્મિંગના ખતરનાક પરિણામો હવે જોવા મળી રહ્યા છે. તાજેતરમાં ગુજરાત સહિત દેશ ભરમાં કમૌસમી વરસાદ અને કરા પડયા બાદ એવું લાગતુ હતું કે હવે વાતાવરણ ઠંડુ રહશે. પરંતુ મૌસમે એવી કરવટ બદલી કે ગુજરાત સહિત અનેક રાજયોમાં ભીષણ ગરમીનો ગ્રાફ સત્તત ઉંચે જઈ રહ્યો હોવાથી હવામાન વિભાગે અવાર નવાર હીટ વેવની ચેતવણી જાહેર કરવી પડી છે. અને કેટલાક ભાગોમાં હીટ એલર્ટ પણ જાહેર કરવું પડ્યું છે. અમદાવાદ શહેરમાં આજે મહત્તમ ૪૪.૫ ડિગ્રી ગરમી નોંધાઈ હતી જે

● અનુસંધાન પાન-૭ પર

## ૬ મહાનગર પાલિકાની ચૂંટણી ઓકટોબરમાં યોજાશે

### વડોદરા, સુરતના સિમાંકન જારી સપ્તાહમાં અમદાવાદનું સિમાંકન પ્રસિદ્ધ

અમદાવાદ, તા.૧૬

રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અનો જામનગર સહિત ૬ મહાનગરપાલિકાની ચૂંટણીઓ ઓકટોબરમાં માસમાં યોજાનાર છે. ત્યારે વડોદરા અનો સુરતની મહાનગરપાલિકાના સીમાંકન બહાર પડી ચૂક્યા છે. જ્યારે આવતાં અઠવાડિયામાં અમદાવાદનું સિમાંકન બહાર પડશે. આ બાબતે રાજય ચૂંટણી પંચના સેક્રેટરી મહેશ શાહે જણાવ્યું હતું કે, અમદાવાદનું સીમાંકન આ અઠવાડિયામાં બહાર પાડવામાં આવશે. અમદાવાદ મ્યુનિ.કોર્પોના હાલનાં ૬૪ વોર્ડના સ્થાનો ૪૮ વોર્ડ અનો ૧૯૨ પ્રતિનિધિઓ રહેશે. જેને પરીણામે અમદાવાદ મ્યુનિ.કોર્પોની રાજકીય તસ્વીર પણ બદલાઈ જશે તો કેટલાક કોર્પોરેટરોની રાજકીય કારકિર્દી માટે આ સીમાંકન આફત સર્જશે. જેના કારણે હાલ કોર્પોરેટરની કાજકીય કારકીર્દી દકાવવા માટે સલામત વોર્ડની શોધમાં પડયા છે.સીમાંકન જાહેર થયા બાદ રાજકીય પક્ષો પાસેથી વાંધા સૂચનો પણ મંગાવવામાં આવશે. તેમજ જામનગર મહાનગરપાલિકાનું સિમાંકન આગામી પંદર દિવસની અંદર બહાર પાડવામાં આવશે.


૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

જોઈએ છે
LED-TV • LCD-TV
બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ
મો. : ૯૪૨૭૫ ૪૪૮૩૫

Tushar Shah
99246 62499
99247 24101
STAR Health Insurance
The Health Insurance Specialist

ભક્તિ ટુર્સ
રેલ્વે + બસ પ્રવાસ
90333 94250
98984 85949

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

SHOWROOMS | OFFICES
ON RENT
SIDDHRAJ
zori
CALL: 98980 29451



હવે મેળવો
11.06% દ.વ.*
વાર્ષિકીકૃત ઉપજ 60 મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને 8 વર્ષ 1 માસમાં બમણી કરો!!*
ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરેઃ 9825647075 / 9879204002 / 65730141
*કર-પહેલાની વાર્ષિકીકૃત ઉપજ દ.વ. 8.90% દરે 60 મહિના ટર્મ ડિપોઝિટ માટે ત્રિમાસિક ચક્રવૃદ્ધિ ફ્રીક્વન્સીના અનુમાન આધારે જ્યારે વ્યાજ અને મુદ્દલ મુખ્ય પરિપક્વતા પર ચુકવવામાં આવે છે. *8.75%નાં વાર્ષિક વ્યાજ દરે અને સંચિત વિકલ્પ પર પૂર્વ ટીડીએસ.
નિયમો અને શરતો લાગુ. આ વ્યાજ દરો 12 માર્ચ, 2015 થી લાગુ રહે છે અને કોઈપણ પૂર્વ સૂચના વિના ફેરફારને આધીન છે.
DCB Bank Limited (Formerly Development Credit Bank Limited)
DCB BANK